Barcode - 99999990869551
Title - Imame Maujud]
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 66
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 086955

☞ શીયા ઇમામી ઇસ્માઇલી તથા ઇસના અશરી ખોજા તથા દાઉદી વોહોરા કોમના ગૃહસ્થોને ખાસ વાંચવા યોગ્ય.

# ઇમામે મોજુદ


લખનાર.

વલીભાઇ નાનજી હુદા.

અધીપતી

ઇસ્માઇલી મઝહબી પ્રકાશ.



પ્રગટ કરનાર.

મુખી

લાલજીભાઇ દેવરાજ

ધી ખોજા સિંધી છાપખાનું,

૧૧૩ પાલખી મોહલ્લા,

મુંબઇ નાં. ૯.


હદીયો.

પુરેપુરી વાંચી સમજણ લેવી.


આવૃત્તિ ૨ જી ] તા૦ ૧-૧-૨૦.[ નકલ ૧૦૦૦.

*Krishna P. Press, Bombay 2.*

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

# આભાર પત્ર.

શેઠ સુલેમાનભાઇ વીરજી એન્ડ સન્સ,

નાઇરોબી.

સાહેબ,

આપે દીની લાગણીથી આ કીતાબ "ઇમામે મોઅજુદ"ની બીજી આવૃતીની એક હજાર (૧૦૦૦) કોપી છપાવી શીયા ઇમામી ઇસમાઇલી ખોજા, શીયા ઇશના-અશરી તથા દાઉદી વહોરા કોમના ગ્રહસ્થોને મફત આપવાની જે ઉદારતા બતાવી છે તે માટે આપનો ઘણાજ માન સાથે ઉપકાર માનું છું.

લી૦ સેવક,

મુખી લાલજીભાઈ દેવરાજ,

પ્રગટ કર્તા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૫.૫૦ वर्गांक

पुस्तकनुं नाम ઈમામે મોજુદ

विषय પ ૭૨૧:૧

# પ્રસ્તાવના.

**મનુષ્ય જાતમાં અદકું જ્ઞાન,**
**જ્ઞાન નહી તે પશુ સમાન.**

એ મહાન વાકય કેટલીએક ગુંચવણ ભરેલી ગાંઠોને ઉકેલે છે. ખુદાવંદતાલા રહેમ રહેમી વળી ઇનસાફી છે, તે ઉલટ સુલટ બાબતના ગુંચવાડાનો ખુલાસો ઉપલું વાકય કરે છે કારણકે, ખુદાવંદતઆલા રહેમ રહેમી હોવાથીજ. મનુષ્યને જ્ઞાન રૂપ જ્યોતની બક્ષીસ મળેલ છે, પણ હાથમાં દીવો લઇ કુવામાં પડનાર ખુદાવંદતાલાની રહેમથી બેનશીબ રહે એમાં શું નવાઇ? તે મુજબ દરેક દરેક આદમીએ પોતાને મળેલી કુદરતી બક્ષીસ જ્ઞાનથી સાર અસાર સમજી, સાર ગ્રહણ કરી, તે ઉપર ચાલવું ઘટે છે, નહિ તો પછી ખુદાવંદતાલા આદિલ છે.

તે પાક પરવરદીગારે આદમ જાતને જ્ઞાન આપ્યું તે સાથે પોતાના પાક નુરને હિદાયત માટે જગતમાં દરેક જમાનામાં જહુરાગર રાખ્યું. તે જહુરાગર નુરની શનાખત મેળવવા જ્ઞાનનો ઉપયોગ કરવો એ આદમ જાતની ફરજ છે, વળી આ જગતમાં રહી પૈગમ્બરો કે તેવા મહાન નરો રૂપે તે પાક હિદાયતી નુરે દરેક

જમાનામાં અનેક જનોને ઊંધે રસ્તે જતા અટકાવી, પોકારો કરી સીધે રસ્તે લાવી મુકયા, છતાં તે પુકારને નહિ ગણકારી કોઇ હુજ્જતથી, આડે રસ્તે ચાલી, ખાડા ખાબોચિયામાં ગબડી પડે તો, તેમાં તેવા અભાગી જનોના દુર્ભાગ્ય વિના બીજા કોને દોષ દઇ શકાય ?

આજકાલના ચળવળવાળા જમાનામાં દરેક ચીજની ચળવળ થયા કરે છે. ચાલુ જમાનામાં મહાન દયાળુ ઇંગ્રેજ સરકારના ન્યાયી અમલમાં દરેકે દરેક ધની કે ગદા, સબળ કે નિર્બળને, પોતાના યકીન અને સમજ મુજબના દીન પર ચાલવાની સંપુરણ છુટ છે. અત્યારે ધરમ ઝનુનનો જમાનો નથી, અત્યારે ધરમ માટે કોઇપણ જાતનું દબાણ નથી. વળી જમાના મુજબના ચાલુ સાધનોથી ઇલમનો બહોળો ફેલાવો થતો જતો હોવાથી, ઇલમની રેલમ છેલમ મનુષ્યો ઊપર થતી રહે છે. આવી સગવડતાવાળા જમાનામાં જો મનુષ્યો સીધા રસ્તા ઉપર ન ચાલે તો તેમાં કોનો દોષ ?

જ્યાં લક્ષ્મી વધારે ત્યાં ચોરની વધારે બીક હોય છે, એ મુજબ આવા છુટના અને ઇલમના પ્રચારની સવળતાના જમાનામાં શયતાનનું જોર વધારે છે અને તેથી તે મનુષ્ય માણસોમાં વસવસો ઉત્પન્ન કરી, સત્યને અસત્ય અને અસત્યને સત્ય બતાવે છે તેથી, માણસો ગુમરાહ થઇ જાય છે, છતાં દરેક કોમના

સમજુ શખ્સો પોતાના ધરમમાં બારીકપણે ઉતરી સત્ય અસત્યને ઇલ્મ અને અક્કલની ચાળણીમાં ચાળી કહાડી સત્ય તપાસી સીધા રસ્તા ઉપર આવતા જાય છે. જો કે દુન્યવી લાલચો અને શેતાની ફરેબોના ઝપાટા તેમને ઊંધે રસ્તે દોરવી જવા પ્રયત્ન કરે છે પણ જેઓ હીંમતવાન અને ઇમાની છે તેઓને તેવા ઝપાટા કાંઈ અસર કરી શકતા નથી.

આ નાનું પેમ્ફ્લેટ લખવાનો હેતુ સત્ય અસત્યને તપાસવાનો છે. મુંબઇમાં પ્રગટ થતાં "પ્રજા મીત્ર અને પારસી" નામના રોજીંદા પત્રમાં "**વહોરા ચરચા**"ના હેડીંગ નીચે જે ચરચા આવી છે, તે જોતાં તે કોમના કેટલાએકની ઇચ્છા **હાલના ઝમાનાના ઇમામની શોધ** માટે હોય એવું જણાય છે. આ ચરચાથી અનેક સવાલો—જવાબો જુદા જુદા ગ્રહસ્થો તરફથી થયેલા છે અને તેમા ખાસ કરીને **મી૦ અલીજાન** અને ભાવ-નગરમાં પ્રગટ થતા '**રાહે નજાત**'ના અધીપતી **મી૦ હાજી ગુલામઅલી** હાજી ઇસમાઇલના સવાલ જવાબ મનન કરવા યોગ્ય જણાયાથી તેમાંથી શું સત્ય નીકળે છે, તે તારવી કહાડવાને યથાશકતી પ્રયત્ન આ ઠેકાણે કરવામાં આવેલ છે.

"**ઇમામ ગયબ**" કે "**જાહેર**" આજ હેતુ મજકુર સવાલ જવાબનો છે અને તેની સાબીતી પાક

ઇલ્હામી કીતાબ કુરાને શરીફથી માંગવામાં આવી છે અને મી૦ હાજી ગુલામઅલી સાહેબે તેના જવાબમાં અલ્હાદી કીતાબ વાંચવા મી૦ અલી જાનને ભલામણ કરી છે. ત્યારબાદ મી૦ હાજી ગુલામઅલી સાહેબે ચુપ કીદી અખત્યાર કરી તેથી તે ચરચા ત્યાંથી અટકી પડી અને વાંચનાર ત્રશાતુર જીજ્ઞાસુની જીજ્ઞાસા તૃપ્ત ન થઇ શકી તેથી મેં અલ્હાદી કીતાબ વાંચી, મને જે સાર મળ્યો તે નીઃપક્ષપાતપણે આ નાનકડી બુકમાં દાખલ કરેલ છે, જે તેવા તૃષીત જીજ્ઞાસુની જીજ્ઞાસાને સંતોશ આપશે એવી આશા છે.

ઇસલામનો દરેક ફીરકો, દરેક જમાનામાં ઇમામ હઇયાત હોવા માટે એક મત છે, પણ તેમાં કેટલાક હઇયાત પણ ગેબ ઇમામની માન્યતા ધરાવનારા, કેટલાક દર સદીએ ઇમામ પ્રગટ થાય છે એવી માન્યતા ધરાવનારા, વળી કેટલાક ઇમામ પરદે થયા છે અને પરદામાં ઇમામોનો સીલસીલો ચાલુ છે એમ માનનારા છે. જ્યારે ફકત શીઆ ઇમામી ઇસમાઇલી ફીરકોજ હર જમાનામાં હઇયુલ અને કઇયુમ વગર તુટવે સીલ-સીલાબંધ ચાલી આવતી જાહેર ઇમામતના સાહયા નીચે રહેતો આવ્યો છે.

સત્ય અને પાક ઈમામોની શોધમાં પડતાં કેટલાકોને ઈમામ આવો હોવો જોઇએ કે ઇમામ તેવો હોવો

જોઇએ જેવા શયતાની વસવસા સત્ય પારખવામાં અંતરાય નાખે છે તો કેટલાકને સત્ય જાણવા છતાં હચુ પચુ રહેવા દઇ સત્ય રસ્તો (સરાતલ મુસ્તકીમ) મેળવવાને ભાગ્યશાળી થવા દેતો નથી. જો તેવો શયતાની વસવસો દુર કરી ઇમામતની ચાલુ પધ્ધતી મુજબ "જુરરીયતી"ની પૃથા ઊપર ધ્યાન રાખી ઇમામત જેવી ઇલાહી બાબતમાં પોતાની કમતાકાત અકલ ન ચલાવે ને નેક નીશ્ટાથી તપાસ કરે તો જરૂર તે જાહેર હાજર ઈમામને મેળવવા ભાગ્યશાળી બને એમાં શક નથી.


અમોએ આ નાનકડા પુસ્તકમાં તેવા જાહેર હાજર ઈમામ હાલ કોણ છે તે પરટીકયુલર કરવાનો હેતુ રાખેલો નથી પણ ઇમામ બાર છે કે વધારે ? અગર તો ઇમામ ગયબ છે કે જાહેર ? અને તે પાક ઇલ્હામી કીતાબ કુરઆને શરીફથી સાબીત છે કે કેમ ? તેજ શોધવા પ્રયત્ન કરેલ છે અને તે પણ મી૦ અલી જાન અને મી૦ હાજી ગુલામ-અલી હાજી ઈસમાઇલના સવાલ ઉપરજ મુખ્ય આધાર રાખ્યો હોવાથી મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલે રચેલ બુક અલહાદી ઉપરજ લક્ષ રાખેલું છે, તેથી ઇમામ જાહેર કે ગયબના મુદા માટેની પાક કુરઆને શરીફની આયતો તેજ પુસ્તકમાં મલી આવી તેટલી લીધા શીવાય વધારે

શોધવા યત્ન કરેલો નથી અને તે ઉપરથી સુજ્ઞ વાંચક હક અને **બાતીલ** સાફ સાફ સમજી શકશે.

છેવટમાં વાંચક વરગ, આ નાનકડા પણ ઉપયોગી પુસ્તકના કમતરીન લેખકના દોશ તરફ દરગુજરની દ્રષ્ટી રાખી હંસવતીથી સાર ગ્રહણ કરશે તો ઉપકાર થશે.

લી૦ સેવક,

**વલીભાઈ નાનજી હુદા,**



# પ્રસ્તાવના.

## આવૃતી ૨ જી ની.


આપણી કોમમાં સાહીત્યનું ક્ષેત્ર દીન પ્રતીદીન ભરોળુ થતું જાય છે તેનું કારણ એજ છે કે, લોકો સાહીત્યના ફાયદા સમજવા લાગ્યા છે, લોકોમાં વાંચનનો શોખ વધતો જાય છે અને ધારમીક સવાલો તપાસી મનન કરી સત્ય તારવવાની ઉત્કંઠા થતી જાય છે. સાહીત્યને ઉતેજન નહી મળવાથી સાહીત્ય બહાર નથી પડી શકતું એ ફરીયાદ હવે ઓછી થતી જાય છે અને તેવું સારૂં વીદવતા ભરેલું સાહીત્ય બહાર પાડનારની ખોટની ફરીયાદ ચાલુ થાય એવું જણાય છે તેથી સાહીત્યના શોખીનોએ પોતાના શોખને સતેજ કરી, સુસ્તીને તીલાંજલી આપી સાહીત્ય પાછળ મંડી પડવું જોઇએ.

"ઇમામે મોજુદ" ની પહેલી આવતીની ૨૫૦૦ કોપી ખલાસ થતાં આ બીજી આવૃતી છ માસ જેટલા ટુંક વખતમાં બહાર પડશે એવો ખ્યાલ અમને સ્વપને પણ નહી હતો, અને તેથી આ બુકે લોકોની પ્રીતી કંઇક અંશે જીતી લીધી છે એ જોઇ અમને આનંદ થાય છે.

આ કીતાબના કેટલાએક મુદ્દાઓએ વીચારવંત જ્ઞાનીજનનું ઘણું સચોટ ધ્યાન ખેંચ્યું છે એમ જણાય છે અને તેથી તેવા સચ્ચોટ મુદ્દાઓની અસર આગળ લંબાતી અટકે એવા હેતુસર વીરોધીઓ જીવતોડ મહેનત કરી રહ્યા છે પણ સોના પર ધુળ ચડવાથી તેની કીંમત ઘટવાની નથી તેમજ સચ્ચોટ મુદ્દાના મજબુત કીલ્લાને વીરોધીઓના અયોગ્ય હુમલા કાંઇ પણ અસર કરી નહી શકે એમ અમારૂં માનવું છે.

દરેક દીનદારની ફરજ છે કે દીનના તત્વો શોધી સત્ય શોધન કરી, નીખાલસ દીલથી બહાર પાડી પોતાના દીનની સેવા કરવી જોઇએ. મઉલા સરવને નેક હીદાયત બક્ષે એવી દુઆ ગુજારીએ છીએ. આમીન !

કર્તા.



# ઈમામે મોજુદ.

## ભાગ ૧ લો.

## પ્રકરણ ૧ લું.

### તારીખ ચોથી રબીઉલ આખર.

પ્રજા મીત્ર તા० ૧૫ મી જાનેવારી ૧૯૧૯.

પ્રજા મીત્ર અને પારસીના અધીપતી જોગ.

સાહેબ, તમારા માનવંત પત્રમાં આ લખાણને જગા આપી ઉપકારી કરશો.

કુરઆન શરીફમાં છે કે તે મોહા માયાળુ ફીરવાર કયામતના દહાડે હરએક આદમીને એના ઇમામના સાથે પુકારશે. મજકુર ફરમાને ઇલાહીથી સાબીત થયું છે કે કયામતના દહાડે હમે હમારા ઇમામના સાથે પુકારા જાશુ તો હવે હમારા ઇમામ કોણ છે? તેવણુના નામથી હમને વાકીફ થવુંજ જોઇએ. રસુલે ખુદા ફરમાવે છે કે, જે આદમીએ પોતાના જમાનના ઇમામ અ. સ., ને ના

ઓળખ્યા અને તે મરી ગયા તો તે જાહેલીયતની મૌતથી મરો. મજકુર ફરમાને નબવીથી સાબીત થયું કે હરએક આદમીએ પોતાના ઝમાનાના ઇમામને ઓળખવા જોઇએ એટલે કે એવણુના નામથી વાકીફ થવું જોઇએ, ઇમામે ઝમાન કોણ કહેવાય તે બાબત જાણવું જોઇએ કે, જે ઝમાનામાં જે ઇમામ હોય તે ઝમાનામાં તે ઇમામે ઝમાના કહેવાય. માજી ઝમાનાના ઇમામ હાલ ઇમામે ઝમાના કહેવાય નહી. હવે જાણવું જોઇએ કે અમારી દાઉદી વોહોરા કોમનો એવો એતેકાદ છે કે ઇમામ તઇયબ પરદે થયા. (એ વાતને આશરે નવસો વરસ થયાં છે) તે દીવસથી આજના દીવસ સુધી પરદામાં બાપ પછી બેટા ઇમામતના રૂતબામાં કાયમ થાય છે અને એવોજ સીલસીલો આજદીન તક જારી છે અને કયામતના રોજ તક તે જારી રહે. અમારી દાઉદી વોહરા કોમના મજકુર એતેકાદથી સાબીત થયું કે પરદામાં ઇમામ તઇયબ આજ દીન સુધી જીન્દા નથી પણ ગુજરી ગયા છે અને એવણુની જગ્યા પર એવણુની નસલથી ઉતરી આવેલા ઇમામ પરદામાં છે અને એવણુનું શું નામ છે તે વોહરાભાઇઓ જાણુતા નથી. ઇમામ તઇયબને પરદે થવાને આજે આઠસોથી વધુ વરસ થયાં છે. ઇમામ તઇયબના પરદે થવા પછી હુરૅ-રતુલમલેકા નામની એક વીદવાન બાનુએ દુઆતનો સીલસીલો

કાયમ કીધો એટલે કે નુર-રતુલ્લમલેકાએ ઝોએબ બીન મુસાને દાઇ બનાવ્યા અને હાલના વડા મુલ્લાંજી સાહેબ તાહેર સઇફુદ્દીન તક એકાવન દાઇ થાય છે તે બધા વડા મુલ્લાંજી સાહેબોમાથી એકબી વડા મુલ્લાંજી સાહેબે પોતાના ઝમાનાના ઇમામનું નામ બતાવ્યું નથી, એક ઇમામની વફાતની ખબર અને ને પછી એવણુની જગ્યા પર એવણુના ફરઝંદને ઇમામતના રૂતબામાં કાયમ થવાની ખબર આજદીન સુધી કોઇબી વડા મુલ્લાંજી સાહેબે પોતાના માનનારાઓને કીધો નથી. હવે સવાલ એ છે કે આશરે વીસથી પચીસ વરસ થયાં સુરત શાહેરમાંથી ઇમામે ઝમાનની સાલગ્રેહનો રીવાજ ઉત્પન્ન થયો તે તારીખ ચોથી રબીઉલ આખરની થાય છે. ધીમે ધીમે વોહરા કોમની વસ્તીવાળા તમામ ગામોમાં તે રીવાજ હવે દાખલ થઇ ચુકયો છે. તારીખ ચોથી રબીઉલ આખરે ઇમામે ઝમાના જન્મ પામ્યા છે તે ખબર કેમ પડી ? અમારી દાઉદી વેહરા કોમના ઓલમા સંતોશકારક જવાબ આપશે તો ઉપકાર થશે.

મુન્તઝીર.

# પ્રકરણ ૨ જું.

## વોહરા ચરચા.

પ્રજા મીત્ર તા૦ ૩૦ મી જાનેવારી ૧૯૧૯.

પ્રજા મીત્ર અને પારસીના અધીપતી જોગ.

સાહેબ—આપના પત્રમાં તા૦ ૧૫ મી જાન્યુઆરીના દીને "મુન્તઝીર" ના તખલ્લુસથી જે ચરચા આવેલ છે તેના બાબમાં ખુશી જાહેર કરતાં કહીશું કે જે હાલતી વહોરા કોમમાં કુસંપ અને સડો પડેલો છે તેના માટે એ ચરચા એક ચમત્કારીક ઇલાજ સમાન છે. જો મજકુર ચરચાને કોમ વધાવી લેતાં વધારે શોધખોળમાં ઉતરીને ખરા ઇમામને શોધી કાઢવા ભાગ્યવાન બને તો પછી કોમમાં પેઠેલા સળ.નો નાશ થતાં કોમ હમેશાં ઇમામના સાયા હેઠળ સુલેહસંપ અને શાંતીમાં ઝળકતા ઉદય પર ઉદય હાંસલ કરીને સચ્ચાઇની ટોચે પહોંચવા શકતીવાન નીવડે એમ ધારવું એ નીઃસંદેહ અને સત્ય છે. કારણકે જેના રહેતુમાં ઇમામે ઝમાન હોય યાને જેનુ શીરછત્ર હઝરત અલી (અ.) નો "લાડલો આકા" હોય તે કોમમાં ખોટ કે ગુંચવણ રહેતી નથી. બલ્કે

તેનો રસ્તો સાફ અને સરળ રહે છે. એટલું જાણવા પછી સમજી શકાય છે કે, વખતના ઇમામને ઓળખવાથી યાને ઇમામને આશરે જવા પછી એ ચાલુ ગુંચવણ ભરેલા કજીયાનું છેવટ આવતાં, સરવે મોમીનોના મોંહ હસ્તા અને ઉજળા થશે જેથી એ ચર્ચાને બહાર લાવનાર બીરાદર "મુનતઝીર" ને મુબારકી આપતાં કહીશું કે, હાલના ચાલુ દાઇ સઇયદના તાહેર સયફુદીન સાહેબની હજુરમા હાજર થઇને પોતાને ચએશો ઇમામના દીદારની ઊલફત જાહેર કરે, ત્યારે દાઇ આવસ્ય પોતાની ફરજ અગે બીરાદર 'મુનતઝીર" ને ઇમામની મુલાકાતથી મુસરફ કરાવશે, સબબ એક દાઇ જ્યારે દાવત કરે છે તે અમુક સાહેબ તરફ બોલાવવાના હેતુ સર હોય છે, જેવી રીતે દરેક ઇમામોના જમાનામાં એકથી અનેક દાઇઓ ઇમામે ઝમાન તરફ બોલાવવા માટેની જેહલત ભરેલી કોશેશો કરીને ભુલેલા ભાઇઓને ઇમામની પેછાન કરાવીને પોતાની ફરજ અદા કરતા હતા તે પ્રમાણેની ફરજ ન બજાવતાં સઇયદના તાહેર સયફુદીન સાહેબ ઇમામને જાહેરમાં ન લાવે તે તો સમજાય, પણ ખાસ મોમીનોને ઇમામના દીદારથી બે નશીબ રાખીને તેઓ જાહેલીયતના મોતે મરે એમ જોવા ઇચ્છે એ માની શકાતું નથી. જ્યારે ઇમામના માટે આવા નીરદય છુપા મણા કરવા જેમ કોઇ દાઇ કરી શકે નહી ત્યારે મોમી

નોની જીંદગી ખરાબ કરનારૂં આવું ભયંકર છુપામણું કરવામાં ભેદ શો સમાયલો છે? તેની સમજ પડતી નથી કારણ આપણે લખાણ પરથી કહી શકીએ છીએ તેમ ઇમામે ઝમાનની સાલગરેહ લગભગ કેટલાક વરસોથી "તા૦ ૪ થી રબીઉલ આખર"ના દીને કરવામાં આવે છે, જેમ એ કોમ ઉજવે છે, ત્યારે શું ઇમામના દીદારની ખાહેશ વગર સાલગરેહ 'પોલમપોલ' રીતે પાળવી એમ કોઇ ઇચ્છશે? અગર એમ નથી અને કોમ ઇમામના દીદાર માટે ઇન્તેજાર છે તો ઝટપટ સઇયદનાની હજુરમાં હાજર થઇને કોઇ પણ ભોગે ઇમામના દીદાર કરીને આકેબત સુધારે.

આગલ લખતાં બીરાદર 'મુન્તઝીર' ને સુચના કરતાં કહીશું કે, એક ઇમાનની ઉલફત રાખનાર ઉતાવળે પાંચ પચાસ કે સો વરસ પર ફુટી નીકળેલા બનાવટી ઇમામોને વળગી પડીને પોતાની આકેબત ખરાબ કરતાં બચે, કેમકે ઇમામની શરૂઆત ઇસલામની રૂએ હ૦ અલી (અ૦) થી છે જેના માટે કુરઆને શરીફમાં સનદ છે કે "લીન્નાસે ઇમામન કાલ વમીન ઝુર્રીયતી" એવી રીતે પરવરદીગારે હ૦ ઇબરાહીમને કહયું કે. "લોકોના માટે ઇમામ કરીશ. કહયું મારા વંશજો" એ પરથી સીધ્ધ થાય છે કે ઇમામ એ હ૦ અલી (અ૦) ના ફરજંદથીજ સંભવે, તેમ વળી "વાલીદથી વલદ"

હોવા સાથે મોમીનોની વચ્ચે પોતાના પીતા તરફથી નસ્સ થઇને જાહેર કરાએલ હોય, નહી કે તેથી જુદું, પોતે પોતાના મનથી અથવા તેના બનેલા મુરીદોએ તેને ઇમામ ઠોકી બેસાડેલ હોય.

ઉપરાંત કેટલાક એમ કહેવા નીકળેલા છે કે ઇમામ પરદે થયા છે ત્યારે બીજાઓ કહે છે કે ગએબ છે. એ માનીનતાઓ ઇમામની શાનને કલંકીત બનાવે છે, કારણકે હ૦ રસુલીલ્લાહના ફરમાન મુજબ હ૦ અલી (અ૦) થી ઇમામ માટે જે પૃથા પડેલી છે તે ખરી છે. તેમ પરવરદીગારની જે "સુન્નત" છે તેમાં કદી પણ ફરક પડવાનો નથી, તે હીસાબે જેવી હસ્તી હ૦ અલી (અ૦) ની હતી તેવી હસ્તી દરેકે દરેક ઇમામે ઝમાનની માનવી એ પરવરદીગારના ફરમાનને માન્ય કરવા બરાબર છે, સાથે યાદ રાખવાનું છે કે ઇમામ એ ખુદાનું નુર છે. તેમાં કદી પણ ભુલચુક સંભવે નહી, છતાં દરેક ઝમાનામા ઇમામના સબંધી તથા વીરોધી નજરે પડતાં આવ્યા છે એ સ્વભાવીક છે, કારણકે મનુષ્ય જાતીની અક્કલ ટુંકી હોવાથી ઇમામના કાર્યોને પામી શકતી નહી હોવાથી આ ભુલભરેલું પરીણામ આવે છે, પણ જેની નઝર ઇમામ માટેની પડી ગયેલી "શેલી" તરફ છે તે ગુમરાહીથી બચી રહે છે.

વળી તવારીખો તપાસતાં સમજાય છે કે, હઝરત

અલી (અ.) એક 'કોલાહ' નામની સ્ત્રી સાથે કુસ્તી લડયા હતા, તે તાબે આવ્યા પછી તેને ઇમાનદાર બનાવી તેનું નામ 'હનીફા' રાખવામાં આવ્યુ. તે કારણુ નજી જોતાં ઇમામના કારય સામે આલીમોએ રીતનો બરપા કર્યો, તે સંજોગો વચ્ચે ઇમામ પર આપ ખુદી ચલાવનારા કે ઇમામે એમ કરવું અને ઇમામે આમ ન કરવું તેવી હદ બાંધનારા વીમુખ થયા, ત્યારે પરવરદીગારના ફરમાનને વળગી રહેનાર 'ઉલુલ અમ્ર મીન કુમ'ની સીધી માયના સમજવાવાળા 'તાબેદારી કરો, તમારા પર ઓરડર કરનારની' પ્રમાણે હુકમને આધીન રહી મોમીન બની રહયા એટલું સ્પષ્ટ કરવા પછી બીરાદર 'મુન્તઝીર' ને એટલુ કહેવું બસ થશે કે 'ઝુરરીયતી' (વંશપરમ્પરા) સનદ રાખનાર "બની હાશમી" તથા હરેક વખતમાં ગરીબી કે શાહીમાં અથવા સુખ કે સંકટમાં દુનીયાના દફતરોમાં નોંધયલી ઇમામત તથા તેનાં મુરીદોની હાજરી જોવામાં હોય તેજ ખરો ઇમામ કહેવાય, બાકી 'પરદે' થવું અથવા 'ગાયબ' રહેવું એ ઇમામ માટે સત્ય નથી, પણુ પંથ નાબાવવા માટેની જોડી કહાડેલી બીનાઓ હોવી જોઇએ. તેવો પંથ ચલાવનાર કદાચ પોતે ઇમામનો ખોટો જોમો પહેરી જાહેરમાં લોકોના મન જીતવા માટે પરહેઝગારી તકકવાનો ડોળ બતાવે એ જાહેરનો છે. બાકી સાચી "નસ" કહી

"ફતેઓ" થાય નહીં, એ કુદરતના નીયમની મહત્વતા છે. એ વીગતો પર લક્ષ આપતાં બીરાદર "મુનતઝીર"ને ભલામણ કરીએ છીએ કે, તેવણુ ઉતાવળે "સૈયદના" ને શરણે જઈ આજીજી કરી ને ઈમામની ઓળખને હસ્તીમાં લાવે જેથી કોમમાં પેઠેલા અનહુદ ઝગડાઓ નો અંત આવી જતાં વખતના ઈમામના દીદાર મુબારક કરીને સવાબે અઝીમ હાસીલ કરે.

એ. દીદારી.

# પ્રકરણ ૩ જું.

## શું ઈમામ ગયબ નથી ?

### (મી० ઈશનાઅશરીનો ખુલાસો.)

પ્રજા મીત્ર તા० ૪ થી ફેબરવારી ૧૯૧૯.

પ્રજામીત્ર અને પારસીના અધીપતી જોગ—

સાહેબ,—આપના તા० ૩० મી જાનેવારી ૧૯૧૯ ના અંકમાં ચોથા સફામાં "વોહરા ચર્ચા" ના મથાળા નીચે જે કાંઇ લખાણ આવ્યું છે તે તમામથી મારે કાંઇ મતલબ નથી, પણ એ લખાણના ચોથા પારીગ્રાફ માં લખે છે કે 'ઉપરાંત કેટલાક એમ કહેવા નીકળેલા છે કે ઇમામ પરદે થયા છે, ત્યારે બીજાઓ કહે છે કે ગયબ છે.' એ માન્યતાઓ ઇમામની શાનને કલંકીત બનાવે છે, ઇત્યાદી.

તો એ લખનાર સાહેબનો મતલબ કે ઇમામ ગયબ નથી અને ગયબ જાણે તે ઇમામની શાનને કલંકીત બનાવે છે, તો અમો 'ઇશનાઅશરી' બાર ઇમામને માનવાવાળા છેલ્લા બારમા ઇમામને ગયબ થયા છે એમ માનીએ છીએ, જેથી તેટલા માટે ટુંક ખુલાસો કરવામાં આવે છે.

તેઓ લખે છે કે પહેલા ઇમામ હ૦ અલી છે અને હ૦ અલીમાં કેવી કેવી સીફાતો હતી તે સરવે ઈસલામી એક મતે માન્ય રાખે છે અને તે સીફાતો અસંખ્ય છે, અને જેવી પહેલા ઇમામમાં શીફાતો હોય તેવીજ તે પછીના દરેક ઇમામમાં હોવી જોઇએ.

તો એ અસંખ્ય સીફાતોમાંની એક મહા ભારે સીફાત કે કોઈ ખેલાડી કે જાદુગર કે ચાલાકી કે નજર બંધી કે હુન્નર કળાવાળો કરી શકે નહી તે એ કે મુરદાને જીવતું કરવું તે પણ છે.

તો ઇમામ ગયબ છે તે વાતની જેઓ હાંસી કરનારા, તેને ખોટી માનનારા, કોઇ એવો જાહેર ઇમામ બતાવે કે તે પહેલા ઇમામ હ૦ અલી જેવી સીફાતો ધરાવતો હોય કે, પોતે ભુખ્યા રહી ગરીબોને જમાડતો હોય, પોતે સંકટ વેઠી ગરીબોને માલામાલ કરતો હોય, નાચ, ગાયન, વાજા વીગેરેથી છેટા રહેતો હોય અને મુરદાને જીવતું કરતો હોય.

તો હું પોતે તથા મારી લાગવગના એક નહી પણ હજારો જણને લઇને એવા ઇમામની તાબેદારી બલ્કે ગુલામી કરવા અને તેમના ફરમાન મુજબ અમલ કરવા તઇયાર છું અને જો એવો ઇમામ બતાવી ન શકે તો પોતાની માન્યતા મુકી આપીને અમારી

માન્યતા મુજબ ઇમામ ગયબ છે તે કબુલ રાખી તે જન્નતી બની જાય.

અને એથી વધારે ખુલાસો મેળવવો હોય તો 'અબ્દહાદી' નામની કીતાબ ગુજરાતી ભાષાની સાડા ચારસો પેજની જે ભાવનગરમાં રાહેનજાત ઓફીસમો મફ્ત મળતી હતી તે ખલાસ થવાથી બીજી વખત છપાય છે તે મંગાવીને વાકીફ થાય.

મજકુર ચરચા પત્રમાં એમ પણ લખ્યું છે કે હ૦ અલીએ એક સ્ત્રી સાથે કુસ્તી કરી તે તદ્દન બનાવટી વાત છે. એ સાહેબની સામે સ્ત્રીઓ આવે તો મોહું ફેરવી લેતા હતા અથવા માથું નીચું કરતા હતા, અને નબી સાહેબે છેલ્લી હજ્જ કરીને પાછા ફરતાં મદીરે ખુમ નામની જગ્યામાં તેમને સવા લાખ માણસો ની હાજરીમાં ઇમામ મુકરર કર્યા, અને ત્રણ દીવસ સુધી બયઅત લીધી, ત્યારે સ્ત્રીઓની બઇયત માટે હુકમ કર્યો તેથી પાણીના પ્યાલામાં હ૦ અલીએ હાથ બોળી તે પ્યાલો સ્ત્રીઓમાં મોકલી આપ્યો અને તેણીઓએ તે પ્યાલામાં હાથ બોળ્યા એટલે બઇયત ગણાણી કેમકે પરાઇ સ્ત્રીના હાથને પરાયા મરદે હાથ અડાડવવામાં મહા ભારે ગુનાહ છે તો તેઓ પરાઇ સ્ત્રી સાથે કુસ્તી કરે કહેવું તે ઇમામની શાનને કલંક લગાડવા સમાન છે.

ઇશનાઅશરી.

## ઈશનાઅશરી મી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલ પોતે.

પ્રજા મીત્રમાં મજકુર લખાણુ આવવા બાદ રાહે નજાતના અધીપતી મી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાઇલ પોતાના માસીક રાહે નજાતમાં જમાદીઉલ આખર હી. સ. ૧૩૩૭ ના અંકમાં લખાણનો સઘળો ઉતારો લઇ નીચે મુજબ લખે છે—

"અમોએ મજકુર વાંધા ભરેલી બાબત પ્રજા મીત્રમાં જોઇ તેથી એ મુજબ અમોએ જવાબ લખી છાપીને મોકલી આપ્યો તે એજ પત્રમાં તા૦ ૪ થીના અંકમાં છાપેલ છે, પણ કેળવણી વાશે જે ઇલ્મે દીંનની હદીસ ચીન જેટલે છેટે જવાની સુધરેલાઓએ લાગુ પાડી છે તેનો ખુલાસો પણ અમોએ છાપીને એજ પત્રમાં મોકલેલ. કેમકે તેમાંજ એ ભાશણ લંબાણથી આવેલું, જેને દોઢ મહીનો થયો પણ હજુ એ અમારૂં લખાણ છાપ્યું નથી, અને અમોએ ગયા અંકમાં એ છાપી દીધેલ છે, તો એક તરફી લખાણ છાપે અને તેનો જવાબ ન છાપે, એ પણ આ સુધરેલા જમાનાની બલીહારી છે. ખયર, અમારે તો ફકત આપણા મજહબ ઉપર થતા એઅતેરાઝના જવાબથી કામ છે, તે અમો અમારી ફરઝ અદા કરીએ છીએ, અને તે માલીકની દરગાહમાં દોઆ કરીએ છીએ કે સરવને નેક હીદાયત કરે. આમીન !"

# પ્રકરણ ૪ થું.

## ઈમામ હાજર કે ગયેબ ?

### (મી૦ હુસનઅલીનો સુધારો.)

પ્રજામીત્ર તા૦ ૧૦ મી ફેબરવારી ૧૯૧૯.

પ્રજામીત્ર અને પારસીના અધીપતી જોગ-

સાહેબ,–વી. વી. લખવાનું કે તમારા તા૦ ૪થીના પત્રમાં ઇમામ વીશે જે બીના પ્રગટ થઇ છે તે સબંધમાં મારૂં નીચેનું લખાણુ પ્રગટ કરવા મહેરબાની કરશો.

એ ચરચા પત્રમાં 'ઇશનાઅશરી' એમ જણાવે છે કે ઇમામ ગયબ છે અને પરદે છે, પણ એ બીના આપણે તપાસવાની જરૂર છે. કુરાને મજીદમાં એમ ફરમાવ્યું છે કે 'દરેક મોમીનને કયામતને દહાડે તેના ઇમામની સાથે બોલાવવામાં આવશે.' જયારે એમ છે તો ઇમામ હાજર દરેક જમાનામાં હોવાની શહાદત યા સાબીતી છે.

જો ઇમામ ગયબ થાય તો મોમીન કોના ? અને ઇમામની દરેક જમાનામાં બઇયત કરવાનું ફરમાન છે, અને જો ઇમામ એટલે દીનનો રાહનુમા જો ગએબ થઇ

જાય તો આપણે દીનના રસ્તાથી ગુમરાહ થઇ જાઇએ, તેથી પણ ઇમામ દુનીયામાં હાજર હોવાની જરૂર છે. વળી દરેક જમાનામાં મહાન ફેરફાર થયા કરે છે, તેથી તેવા બદલાતા સંજોગોમાં મોમને કેમ વરતવું તે બતાવવાને ઇમામની જરૂર છે હ૦ ઇમામ હુસેન પર જોકે બહુ સીતમ ગુજર્યો હતો, તોપણ એવણ સાહેબ ગયબ થયા હતા નહી ને એવણે એમ પણ ન કહયું હતું કે હું ગએબ થઇ જાઊં છું. જો ઇમામ ગએબ થઇ શકે તો હ૦ ઇમામ હુશેન આટલુ દુઃખ સહન કરતેજ નહી, અને ગએબ થઇ જતે, પણ એવણ સાહેબ ગએબ નહી થયા તે પણ ઇમામથી ગએબ નહી થવાય એટલે હાજર હોવા જોઇએ એનો એ પુરાવો છે, છેવટે જો ઇમામની નીખાલસ મનથી શોધ કરવામાં આવે તો ઇમામ મળશે.

હસનઅલી.



# પ્રકરણ ૫ મું.

## શ્રી ઈમામી મુબીન.

"શાહેનજાત" ના અધીપતીને જવાબ.

પવીત્ર કુરાને શરીફનું ઉપલુ વાકય લક્ષમાં રાખી ઇસલામીને આગળ વધવાનો કે બોલવાનો હક છે અને બોલવામાં ઉપલા હેડીંગનો મુદ્દો સચવાતો ન હોય તો ચુપ રહેવું એ વધારે સારૂ છે,

## ખુલાસો.

પ્રજા મીત્ર પેપરમાં 'ઇસ્નાઅશરી' ના તખલ્લુસથી જે લેખ આવેલ હતો તેનો રીતસરનો સાદો જવાબ તા૦ ૧૦-૨-૧૯ ના પ્રજા મીત્રમાં મી૦ હસનઅલીના નામથી આવેલ તેથી સંતોશ ન માનતાં હાજી ગુલામઅલી ઇસમાઇલે ફરીથી એ લેખ પોતાના ચોપાનીયા શાહેનજાત જમાદીઉલ આખર હી૦ ૧૩૩૭ ના અંકમાં પોતાના ખુલ્લા નામથી એકરાર કરે છે કે તે ઇસ્નાઅશરીના તખલ્લુસનો આવેલો લેખ અમારા તરફથી મોકલવામાં આવ્યો હતો, ત્યારે મી૦ 'હસનઅલી' તરફથી પાછો જવાબ એજ પ્રજા મીત્ર પેપરમાં આવ્યો

તેના ખુપામણા કરવામાં આવ્યા છે, એ એક આલીમ માટે ઇચ્છવા જોગ નથી. એટલા મંગળાચરણ પછી જણાવીશકે બીરાદર હાજી ગુલામઅલી માટે અમોને માન છે, પણ તેવચુના વીચારોને મલતા થઇ શકતા નથી, સબબકે મજકુર લખાણ ઇસલામી સંગીનતા વગરનો લુઝલો છે.

પહેલાં બીરાદર ગુલામઅલી જે ઇમામને જોવાની ખાહેશ રાખે છે તો તેનો જવાબ કહીશું કે ઇમામને દેખાડવો એ કામ દાઇનો છે. તો હાલમાં કોઇ જાણીતા દાઇને શરણે જાય.

(૧) ઇમામની સીફાતો માટે ભાઇબંધ લખતાં કહે છે કે તે એકે "મુડદાને જીવતું કરવુ" તેના જવાબમાં તવારીખો તપાસતાં સમજાય છે કે હ૦ ઇસા (અ૦) તથા બુઝરગ હ૦ શમ્સ તબરેજે મુડદાને જીવતા કરેલ. એ હીસાબે મીત્ર ઇશનાઅશરીના એ બે સાહેબો ઇમામ ગણાયા જેને તમામ ઇશનાઅશરીઓ કબુલ કરે નહી, ત્યારે બીજી તરફ હ૦ ઇમામ હુશેન (અ.) તથા (હ૦) જેનુલ આબદીન (અ ) તથા (હ૦) મોહમદ બાકેર (અ.) તથા (હ૦) જાફરે શાદેક (અ.) વીગેરે ઇમામોએ તવારીખો તપાસતાં મુડદાને જીવતા કરેલ નથી તો તે ભાઇબંધ ઇશનાઅશરીના અકીદા પ્રમાણે ઇમામ ગણાય નહી જેઓને ઇસલામીઓ દીલોજાનથી ઇમામ તરીકે

સ્વીકારે છે. તેથી સીદ્ધ થાય છે કે એ સીફ્તથી ઇમામને ઓળખવા નીકળવું તે ભુલ થાપ ખવરાવનારૂં છે.

(૨) આગળ લખતાં બાઇબંધ ઇમામની તારીફ કરતાં લખે છે કે "પોતે ભુખ્યા રહી ગરીબોને જમાડતો હોય, પોતે સંકટ વેઠી ગરીબોને માલો માલ કરતો હોય, નાચ, ગાયન, વાજા વીગેરેથી છેટો રહેતો હોય" તેના જવાબમાં એક દરવેશ એથી વધારે સીફ્તો ધરાવી શકે છે. તેમજ ભુતકાળમાં થઇ ગયેલ "હાતમ બીન તાઇ" એ પોતાની જીંદગી પરમારથ અને સખીપણામાં પુરી કરી ત્યારે વર્તમાનકાળમાં મહાત્મા ગાંધીની જીંદગી પણ મનુશ્યોના ભલા માટેની સમજાય છે, કેમકે પોતા પાસે સંપતી હોવા છતાં એક સાધુપણામાં રહીને જન સમાજના ભલામાં પોતાનો વખત ગાળે છે. તે વીગતો જોતાં બાઇબંધ ઇશનાઅશરીના વીચારો મુજબ ઉપલા જણાવેલા બે ગ્રહસ્થો તેવણના શું ઠરી શકે? એ પ્રશ્ન છે? તેનો જવાબ ઇલ્મ ધરાવનારી આલમ આપશે પણ અમો ફક્ત એટલુંજ કહીશું કે એ સીફ્તો ઇમામને ઓળખવાની પુરણતા નથી કેમકે અગર એ સીફ્તો વાસ્તવીક છે તો પછી હ૦ ઇમામ હુસેન (અ.) થી વીરૂધ્ધ કાફેરો શા માટે થયા? કે જેને પરીણામે ઇસલામીયો વચ્ચે મહા યુધ્ધ થતા ઇમામને શમશીર ખેંચવી પડી, તે જોતાં સમજાય છે કે વાસ મારતી

માટીમાંથી બનેલ ઇનશાનમાં એ શકતી નથી કે ઇમામને ઇમામના કાર્યોથી કલ્પી શકે, તેથી જરૂરનો છે કે મનુશ્યે ઇમામ માટે પરવરદીગાર તરફથી પડી ગયેલી પૃથા પર લક્ષ આપીને ઓળખવાની ઉત્કંઠા રાખવી.

(૩) આગળ લખતાં ભાઇબંધ કહે છે કે "હું પોતે તથા મારી લાગવગના એક નહી પણ હજારો જણુને લઇને એવા ઇમામની તાબેદારી બલ્કે ગુલામી કરવા અને તેમના ફરમાન મુજબ અમલ કરવા તઇયાર છું." એ પ્રશ્નોથી સીદ્ધ થાય છે કે બીરાદર હાજી ગુલામઅલીને અંધ શ્રધ્ધા નથી એ ઇચ્છીવાજોગ હોવાથી અવશ્ય તેવણુ માટે ઇમામને ભેટવા માટેનો મારગ ઉઘાડો થશે કારણકે એ ભાઇબંધને ગાયબ પરની સંપુરણ માન્યતા નથી એમ એવણુના લખાણુથી ઊઘાડું પડે છે ને એ ઇસલામની રૂએ વાજબી અને સત્ય છે.

(૪) આગળ ચાલતાં નીચેનો ફકરો વાંચી અમોને હસવું આવ્યું કે લોકો પોતાના મન સાથે કેવી મોનોપોલી લઇ બેઠા છે કે "અમારી માન્યતા મુજબ ઇમામ ગયબ છે તે કબુલ રાખી ઇશનાઅશરી બની જાય" ત્યારે કુરાને શરીફમાં પરવરદીગારનું ફરમાન નીચે મુજબ છે—

## આયત.

ખરેખર જેઓ ઇમાન લાવ્યા છે અને યહુદી અને

નશારા અને સાબેઇન છે, જે ખુદા અને છેલ્લા દીવસને માને અને સારા કૃત્ય કરે તો તેમને માટે તેઓનો બદલો તેઓના પરવરદીગાર પાસે છે અને તેઓના પર કંઇ ધારતી નથી અને દુઃખી થશે નહી.

(સુરે બકર આ. ૬૨.)

એ પવીત્ર કલામોથી સ્પષ્ટ સમજી શકાય છે કે મી० હાજી ગુલામઅલીની મોનોપોલી ખોટી અને એકલપેટી છે જેથી કદીપણ ફળીભુત થશે નહી માટે બહેતર એ છે કે આખી મખલુકાત માટે સારા વીચાર રાખીને સાર ગ્રહણ કરો તોજ સાચા "ઇમામે મુબીન" ને મેળવી શકશો.

(૫) "અહ્હાદી" નામની બુક વાંચવા ભાઇબંધ ભલામણ કરે છે તો મજકુર કીતાબ કાંઇ "ઇલ્હામી" નથી કે જેના પર અમો ચાલવા બંધાએલ હોઇએ, તેથી "અહ્હાદી" વાંચવી એ કાંઇ જવાબમાં દલીલ નથી પણ ઈસલામી શનદ એ "ઇલ્હામી" કીતાબ પવીત્ર કુરાને શરીફ છે તેમાથી જો હવાલો આપીને ઇમામની ગાયબતા સાંધ્ધ કરતે તો તમારી મહેનત સફળ થવા વીના રહેતે નહી, પણ કરો શું કે જે બાબત ખરી નથી તેની દલીલ લાવો કયાંથી? ખેર, ખુદા સારૂં કરશે.

(૬) ભાઇબંધ ઇશનાઅશરી આગળ ભખનાં જણાવે

છે કે "હ૦ અલી (અ) એક સ્ત્રી સાથે કુસ્તી કરી તે તદ્દન બનાવટી વાત છે" તેના જવાબમાં લખતાં કહીશું કે એ એક ખુલ્લી બીના છે જે ઇસ્લામી તવા-રીખોમાં જગે જગે નજરે પડે છે, તે વીરૂદ્ધ તમો એકલા જુદું કહેશો તો તેથી તવારીખો ભુસાઇ જાય તેમ નથી અને તવારીખો ન ભુસાય તો પછી તમારૂં લખવું ખરૂ છે એમ કોઇ માને તે બનવાજોગ નથી માટે બહેતર છે કે તવારીખો વીરૂધ્ધ ચુપકીદી અખ-ત્યાર કરો.

(૭) હવે સવાલ રહયો "બઇઅત"નો તે વીશે ભાઇ બંધ લખે છે કે "સ્ત્રીઓની બઇયત માટે હુકમ કર્યો નેથી પાણીના પ્યાલામાં હ૦ અલીએ હાથ બોળી તે પ્યાલો સ્ત્રીઓમાં મોકલી આપયો" ત્યારે પવીત્ર કુરાને શરીફમાં પરવરદીગાર ફરમાવે છે કે—

આયત.

ખરેખર જેઓ તારી સાથે "બઇયત" કરે છે તેઓ માત્ર ખુદા સાથે બઇયત કરે છે. ખુદાનો હાથ તેઓના હાથ ઉપર છે.

(સુરતુલ ફતહ આ ૧૦.)

ઉપલા પવીત્ર કલામો "બઇયત" નો સબંધ હાથ સાથે રાખે છે આરે ખુદા જાણે ભાઇબંધ હાજી સુલામ-અલી કોની પયરવી કરનારા થઇ બેઠા છે જે ખુદાના

ફરમાન પર લક્ષ ન આપતાં સાધારણ પુસ્તકોના મુરીદ બની બેઠા છે.

છેવટે હું નમ્રતા પુરવક દાવત કરવાળાઓને અપીલ કરતાં કહીશ કે આ ગુંચવણ ભરેલી બીના જે ઇસલામીયોમાં ઉભી થઇ છે તેને સાફ કરવા માટે ઉતાવળે "ઇમામ"ની ઓળખ બાહેર લાવો કારણકે તમો દાવત કરો છો ત્યારે જરૂરનું છે કે જેના તરફ તમે દાવત કરો છો તેના સાથે જરૂર તમારી પહેછાન હોવી જોઇએ અને તે વાગતે તમારી ફરજ અદા કરવામાં પછાત પડો તે તમારી નબળાઇ બતાવવા જેવું ઠરે છે માટે આ બંદાના નેક સલામ કબુલ કરીને ગરીબ મોમીનોની દાઝ દીલ પર ધરી તતકાળ ઇમામના દીદારથી મુશરફ કરાવો.

"અલી જાન."

# પ્રકરણ ૬ ઠું.

## મી૦ અલી જાનને જવાબ.

## (મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલની ચુપકીદી)

રાહે નજાત કી. ૨૭ હીસ્સો ૧૦ મો.

મહેરબાન બીરાદર અલી જાન સાહેબ. નેક દોઆના તોહફા બાદ અરજ કે આ રાહેનજાત માસીક ખુદાના ફઝલો કરમથી અને અહલેબએતે અતહાર અલયહેમુસ્સલામના સદકાથી ૨૭ વરસથી અમો પ્રગટ કરીએ છીએ અને અમોને વકીને કામીલ છે, અને ઇલ્હામી પાક પાકીઝા કીતાબ જે કુરઆને શરીફ છે તેથી સંપુરણ સાબીત છે કે ઇશનાઅશરી (બાર ઇમામને માનવાનો) ઇસલામી મઝહબ હક છે, તેથીજ ખુદાની તાઅરીફ, તેની માઅરેફત, તેના રસુલ તથા ઇમામોની પીછાન, ફઝાએલ, મોઅજેઝા, ઉસુલેદીન તથા નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ, સદકો, ખયરાત, પરદો, મુબાહેઝો, તહારત વીગેરે બાબતો એજ પાક કીતાબ તથા સહીહ હદીસોથી તથા

ઉમદા દલીલો દાખલાથી આ માસીક તથા જુદી જુદી કીતાબોમાં પ્રગટ કરીએ છીએ અને વાંચી વીચારીને જેમને યકીન થાય છે તેઓ આ પાક પાકીઝા મઝહબ સ્વીકારે છે, અને અમલ કરનારા 'અમલ કરે છે.

અને જ્યારે ઇશ્નાઅશરી મઝહબ ઉપર ન છાજતા અને ખરાબ હમલા થાય ત્યારે અમો સભ્યતાથી તેનો જવાબ આપીએ છીએ. મુંબઇમાં પ્રગટ થતા પ્રજામીત્ર અને પારસી રોજીંદા પેપરમાં થોડા મહીના થયા વોહરા ચર્ચાના મથાળા નીચેની બીનામાં એ શબ્દો પણ હતા કે ઇમામને ગાયબ કહે તેઓ ઇમામની શાનને કલંક લગાડે છે, તો અમારા મઝહબ ઉપર એવો હમલો થવાથી અમોએ તેજ પેપરમાં તથા અમારા માસીકમાં જવાબ સભ્યતાથી છાપેલ, અને તે અમારા જવાબ સામે મી૦ હસનઅલીના નામે પ્રજા મીત્રમા લખાણુ પ્રગટ થયું, પણ તેનો જવાબ આપવાની કાંઇ જરૂરત ન હોવાથી અમોએ ચુપકીદી ઇખતીયાર કરી.

હાલમાં આપે મુંબઇમાં પ્રગટ થતા "ઇસમાઇલી સતપંથ પ્રકાશ" પુ ૩ અંક ૬ ઠામા એ અમારા જવાબનો જવાબ લંબાણુથી છપા૦યો છે, જો કે તે ઘણોજ સભ્યતા અને વીવેકથી લખ્યો છે, પણ તેમાં જે દલીલો આપે પેશ કરી છે કે મુરદાને જીવતું કરવાથી કે પોતા ઉપર સંકટ ઉપાડવાથી જો ઇમામત સાબીત થતી હોય

તો શમ્સ તબરેજે મુડદાને જીવતું કરેલ છે, અને મહાત્મા ગાંધી ભારે સંકટ ઉપાડે છે તેમને શું કેહવા ? અને ૯૦ ઇમામે હુસયન અ૦ વીગેરે ઇમામોએ મુરદાને જીવતું કરેલ નથી તો તેમને ઇમામ કેમ જાણવા ? વીગેરે બાબતોનો જવાબ ખુલ્લો છે, કે શમ્સ તબરેજે મુરદાને જીવતું કરેલ હોય તે શરા મુજબ સાબીત નથી, અને ઇમામે હુસયન અ૦ વીગેરે ઇમામોએ મુરદાને જીવતા કરેલ છે, છતાં તમો તેનો ઇનકાર કરો છો, અને બારમા ઇમામ ગાયબ છે તેની સાબેતી આપ કુરઆને શરીફથી માંગો છો, તો અમોએ તેની સાબેતી લંબાણુ અને ખુલાસાથી "અલ્હાદી" નામની સાડા ચારસો પેજની કીતાબમાં દરજ કરેલ છે, પણ આપે એ કીતાબ વીશે એજ લખાણમાં છપાવ્યું છે કે 'અલ્હાદી નામની બુક વાંચવા બાઇબંધ ભલામણ કરે છે, તો મજકુર કીતાબ કાંઇ જવાબમાં "ઇલ્હામી" નથી કે જેના ઉપર અમો ચાલવા બંધાએલ હોઇએ, તેથી 'અલ્હાદી' વાંચવી એ કાંઇ જવાબમાં દલીલ નથી, પણ ઇસલામી સનદ એ 'ઇલ્હામી' કીતાબ પવીત્ર કુરાને શરીફ છે તેમાંથી જો હવાલો આપીને ઇમામની ગાયબતા સીધ્ધ કરતે તો તમારી મહેનત સફળ થવા વીના રહેતે નહી.'

તો આ વીશે જાણવું કે જયારે આપ ઇમામ ગાયબ હોવાની સાબેતી ઇલ્હામી પાક કીતાબના હવા-

સાથી લખવા ફરમાસ કરો છો, અને એ પાક કીતાબમાં હોય તો તે મુજબ ચાલવા બંધાએલા પોતાને જાહેર કરો છો, તો અમોએ એજ ઈલ્હામી પાક કીતાબ કુરઆને શરીફ તથા મોઅતબર તવારીખોથીજ અહાદીમાં મજકુર બાબત સાબીત કરી આપેલ છે, માટે આપની મરજી હોય તો એ કીતાબ વાંચીને વાકીફ થાઓ, અગર હક લાગે તો કબુલ કરો, અગર ધ્યાનમાં ન આવે તો કાંઇ નહી, બાકી અરસપરસ લખાણો કરીને વાદવીવાદના અખાડામાં ઉતરવા અમો ચાહતા નથી કેમકે એ બાબત જાહેર અને સરવેના અનુભવની છે કે જેમ જેમ વાદવીવાદ લંબાય તેમ તેમ અરસપરસ એક બીજાની લાગણી દુઃખાવાના લખાણ પ્રગટ થાય છે, વળી ઠુંસાતુસી ઊપર આવીને સભ્યતાને છાપરે મુકાય છે, અને પરીણામ ઘણે ભાગે સારૂં આવતું નથી. છેવટે આપે લખાણમાં જે સભ્યતા વાપરી છે, અને અમારા પ્રત્યે જે માન ધરાવાનું લખ્યું તે માટે આભાર અને એહસાન માનીને આ સાદો અને ટુંક જવાબ ખતમ કરીએ છીએ વસ્સલામ.

# પ્રકરણ ૭ મું.

## મી૦ અલીજાન અને હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલના લખાણોમાંથી સત્ય શોધ.

આપણે પ્રકરણ ૫ માં જોઇ ગયા કે મી. અલીજાને ફી ઈમામી મુબીનના લેખમાં મી. હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ પાસે ઈમામ ગાયબ હોવાની માન્યતાની સાબીતી પાક કુરાને શરીફથી સીધ્ધ કરી આપવા માંગણી કરેલ છે પણ તેના જવાબમાં પ્રકરણ ૬ ઠામાં મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ નીચે મુજબ જણાવે છે—

"તો આ વીશે જાણવું કે આપ ઇમામ ગયબ હોવાની સાબેતી ઈલ્હામી પાક કીતાબના હવાલાથી લખવા ફરમાશ કરો છો અને એ પાક કીતાબમાં હોય તો તે મુજબ ચાલવા બંધાયેલા પોતાને જાહેર કરો છો. તો અમોએ એજ ઇલ્હામી પાક કીતાબ કુરાને શરીફ તથા મોઅતબર તવારીખોથીજ અલ્હાદીમાં મજકુર બાબત સાબીત કરી આપેલ છે, માટે આપની મરજી

હોય તો એ કીતાબ વાંચીને વાકેફ થાઓ, અગર હક લાગે તો કબુલ કરો, અગર ધ્યાનમાં ન આવે તો કાંઇ નહી, બાકી અરસપરસ લખાણો કરીને વાદવીવાદના અખાડામાં ઉતરવા અમો ચાહતા નથી, કેમકે એ બાબ ત જાહેર અને સરવેની અનુભવની છે કે, જેમ જેમ વાદવીવાદ લંબાય તેમ તેમ અરસપરસ એક બીજાની લાગણી દુઃખાવાના લખાણ પ્રગટ થાય છે. વળી તુસા-તુસી ઉપર આવીને સભ્યતાને છાપરે મુકાય છે અને પરીણામ ઘણે ભાગે સારૂં આવતું નથી. છેવટે આપે લખાણમાં જે સભ્યતા વાપરી છે અને અમારા પ્રત્યે જે માન ધરાવાનું લખ્યું છે તે માટે આભાર અને એહસાન માનીને આ સાદો અને ટુંક જવાબ ખતમ કરીએ છીએ. વસ્સલામ."

ઉપરના જવાબથી નીઃપક્ષપાત વાંચક તોલ કરશે કે મી૦ અલીજાને પ્રકરણ ૫ માં જણાવ્યા મુજબ ખુલ્લા શબ્દોમાં માંગણી કરી છે કે—

"અલ્હાદી નામની બુક વાંચવા ભાઇબંધ ભલામણ કરે છે તો મજકુર કીતાબ કાંઇ જવાબમાં 'ઇલ્હામી' નથી, કે જેના ઉપર અમો ચાલવા બંધાએલા હોઇએ, તેથી અલ્હાદી વાંચવી એ જવાબમાં દલીલ નથી, પણ ઇસલામી સનદ એ 'ઇલ્હામી' કીતાબ પવીત્ર કુરાને શરીફ છે, તેમાંથી જો હવાલો આપીને ઇમામની

ગયબતા સીદ્ધ કરતે તો તમારી મહેનત સફળ થયા વીના રહેતે નહી."

ઉપર મુજબ ખુલ્લી માંગણી કરવા છતાં મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ અલ્લહાદી વાંચવા ફરી ફરી ભલામણુ કરે છે અને તેથી એમ સાબીત થાય છે કે પાક કુરઆને શરીફમાં તેવી સાબીતીની બાબતો ન હોવી જોઇએ કે જે જવાબમાં રજુ કરે.

જો એમ ન હોય તો, થોડીએક સાબીતી તો જવાબમાં રદીવા દાખલ આપવી જોઇએ. એક આલીમ તરીકે અથવા એક જાહેર લેખક તરીકે મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલની ફરજ છે કે, સવાલ પુછનારને સંતોશકારક જવાબ આપવો અને તેવા બે તાસુબ જીજ્ઞાસુને જવાબ આપવામાં કોઇપણ જાતની એબ હોય એમ અમે માની શકતા નથી, અને તેથી સાબીત થાય છે કે, કુવામાં હોય તોજ હવાડામાં આવે, એટલે તેવી સાબીતી જો હોય તોજ રજુ થઇ શકે ! છતાં નવું નવું જાણવાની અને તોલ કરવાની અમારી કુદરતી પ્રકૃતીને તે જજમેન્ટ અધુરું લાગ્યું અને તેથી અલહાદી કીતાબ મંગાવી અમોને ચાપી ચાપી વાંચવી પડી કે, જેના ઉપર મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ ફખર ધરાવે છે કે તેમાંથી તેવો કાંઇ મુદો

મળે ! ! આખી બુક વાંચતા થોડીએક તેમણે ઠોકી બેસાડેલ બાબતો તેમાંથી મલી આવી છે.

મુળ વાત પાક કુરાને શરીફથી સાબીતી શોધવાની હોવાથી હદીસો અને રાવીયોની બનાવટો કે અન્ય ફાલતુ કીતાબોના પુરાવા તરફ સહેજ પણ લક્ષ આપવાની જરૂર જણાઇ નથી, કારણજે દરેક ધરમમાં તેથી ઘણી વધારે સાબોતીઓવાળા મનુષ્યના હાથે લખાયેલ મન ઘડીત પુરાવાથી પોતાના ધરમને સાબેત કરવાવાળા પુસ્તકો મળી આવે છે અને તેથી તેવી બીન ઇલ્હામી કીતાબો ઉપર આધાર રાખનાર વરગ રોશનીવીનાની બતીના ખાલી ખોખા સાથે અજ્ઞાનતાના અંધકારમાં ગોથા ખાય છે. ઈસલામીઓનો દરેકે દરેક ફીરકો એવી બીન ઇલ્હામી કીતાબો કે મનુશ્ય ઘડીત અન્ય પુરાવા અને સાબીતી ધરાવે છે કે જે વીના કોઇપણ ફીરકો ટકી શકે નહી અને તેથી તેવી બીન જરૂરી બાબતો તરફ લક્ષ આપવાની સહેજ પણ જરૂર જણાતી નથી.

હાંસલ કલામ ! નીચેની કુરાને શરીફની આયતોને પોતાની સાબીતી તરીકે મી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલ 'અલ્હાદી' કીતાબમાં રજુ કરે છે, જે વાંચી મનન કરી તહ્લાસ કરતાં નીચે મુજબ સાર અમોને મળ્યો છે, જે વાંચક વરગ સમક્ષ

રજુ કરીએ છીએ જેથી નીઃપક્ષપાત વાંચક હક અને બાતીલ સમજી શકશે.

## અહાદી કીતાબમાંથી ઉતારો.

"અને સુરએ માએદાની ૧૩ મી આયતમાં ફરમાવે છે, **વબઅસ્ના મિન હોમ મુસનય અશર નકીબા,** એટલે અમોએ બની ઇસરાઇલમાં બાર નોકબા સરદાર મુકરર કર્યા અને બીજી જગોએ ફરમાવ્યું છે, **વકત અનાહોમ મુસનતય અશરત અસ્બાતન ઓમમા,** એટલે અમોએ તેઓમાંથી બાર અસબાત (પૌત્ર) થી સમુહ મુકરર કર્યા તેમજ તેણે ફરમાવ્યું છે, **વસ્સમાએ ઝાતિલ બોરૂજે,** એટલે આસમાનમાં બાર બુરૂજ (ગૃહ) છે.

ખુદાએતઅલાએ સુરએ તવબાની ૩૬ મી આયતમાં ફરમાવ્યું છે કે **"ઇન્ન ઇદ્દ તશ્શોહુરે ઇન્દલ્લા ઇસ્નાઅશર શહરા, ફી કિતાબિલ્લાહે, યવમ ખલકસ્સમાવાતે વલ્અર્ઝ, મિનહા અરબઅતુમ હોરોમ, ઝાલેકદ્દીનુલ કય્યીમ."** એટલે અલ્લાહે મહીના બાર મુકરર કર્યા છે અને તે અલ્લાહની કીતાબ એટલે લવહે મહફુઝમાં આસમાન-જમીન પયદા કરી ત્યારથીજ દરજ કરેલ છે, અને એ બારમાં ચાર હુરમતવાળા છે.

જાહેરી શબ્દી અરથ તો એ મુજબ છે, પણ

**તેની તાવીલ** તફસીરે કુર્આન વી૦ માં એમ છે કે એ શેહર (મહીના)થી મુરાદ ઇમામ છે, કે ખુદા ફરમાવે છે કે આસમાન-જમીન પયદા કર્યાં ત્યારથીજ લવહે મહફુઝમાં લખાએલ છે કે ઇમામ બાર છે અને તેમા ચાર હુરમતવાળા છે અને એજ બારથીજ 'દીન' કાયમ છે. ચાર હુરમતવાળા છે તેથી મતલબ કે ખુદાએ પંજે તને પાક માટે પાંચ નામ પોતેજ મુકરર કરેલ છે, તેમાથી ચાર નામ પોતાના એ નામમાંથી કાઢ્યા કે જે ગુણ દરશક છે, એટલે ખાસ નહી, પણ સીફત (ગુણ) છે."

(અહહાદી પા ૪૭-૪૮-૪૯,)

## અમારો ખુલાસો.

બાર ઇમામની સાબીતી માટે અલહાદી કીતાબ કે જે ૪૧૪ પાનાની છે, તેમાં ફકત ઉપરની લીટીઓજ કર્તાએ આપેલી છે અને તે પણ મારી તોડીને અરથના અનરથ કરી ઘુસાડી છે, છતાં ઇનસાફ દાખલ આપણે તેનું મનન અને શોધ કરવી ઘટે છે.

**મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ અલહાદી** કીતાબમાં સુરે મઆદાની ૧૩ મી આયત જણાવે છે પણ તે તે સુરાની ૧૩ મી નહી પણ ૧૨ મી આયત છે એ ધ્યાન ખેંચવાની રજા લેતાં ૧૨ મી આયતના ફકરાનો સદાબરો ઊતારો પ્રોફેસર મી૦

ઇસ્ફહાનીએ કરેલા કુરાને શરીફના તરજુમામાંથી નીચે આપીએ છીએ.

## મી૦ ઈસ્ફહાનીના કુરાને શરીફના તરજુમામાંથી.

"અને ખરેખર ખુદાએ અસરાઇલના છોકરાઓ પાસેથી કરાર લીધો અને અમે તેઓમાંથી બાર સરદારો બનાવ્યા અને ખુદાએ કહ્યું કે ખરેખર હું તમારી સાથે છું. જો તમો નમાઝ પઢો અને ઝકાત આપો અને મારા પેગમ્બરો ઉપર ઇમાન લાવો અને તેમને માન આપો. અને ખુદાને નીખાલસપણે ધીરો કે ; હું તમારા અપરાધ માફ કરીશ અને તમને બેહેસ્તની વાડીઓમાં દાખલ કરીશ, જેની નીચે નદીઓ વહે છે, પણ આ પછી તમારામાં જે કોઇ કાફર થાય તેણે ખરેખર સીધો રસ્તો ખોયો છે."

(કુરાને શરીફ સૂરે માઅદા આ. ૧૨.)

## બાર સરદારો માટે પ્રોફેસર મી૦ ઇસ્ફહાનીનું ટીપણ.

અસરાઇલના વંશજોએ મેસર દેશ જીત્યા પછી ખુદાએ તેમને શામ કે જેમાં તે વખત અમાલેકા જાતના રાક્ષસો વસતા હતા તે આપવાનું વચન આપીને ત્યાં જવાનો હોકમ કર્યો. એમ કહેવામાં આવ્યું છે કે તે

રાક્ષસો ૮૦૦ થી ૩૩૦૦ વાર ઉંચા હતા. તેઓની વાડીઓમાં એવી મોટી દ્રાક્ષો હતી કે તેનો એક ઝુમખો પાંચ માણસોથી ઉંચકાય અને દાડેમના અરધા છોતરામાં પાંચ માણસો સમાઇ શકે, તેથી હ૦ મુસાએ ખુદાના ફરમાનથી ચઢાઇ કરવા માટે બની એસરાઇલની બાર કોમમાંથી બાર સરદારો નીમ્યા. જ્યારે તેઓ તે દેશની સરહદ પર આવ્યા ત્યારે હ૦ મુસાએ પેલા બાર સરદારોને તે દેશની હાલત વીશે ખબર કાઢવા મોકલ્યા, પણ તેઓને રસ્તામાં ઉજ-એન-ઉનુક મળ્યો, જે ૩૩૦૦ વાર ઉંચો હતો, તેણે તેમને પોતાની અંગરખાની ચાળમાં લઇ લીધા પછી તે પોતાની મા પાસે તેમને લઇ ગયો અને પગ તળે છુંદીને તેમને મારી નાખવાની તેણે તેણીની પાસે રજા માંગી, પણ માએ તેઓને છોડી મુકયા એમ ધારીને કે તેઓ આ ખબર તેમના લશકરને આપશે અને તેથી તેઓ નાશી જશે. આ સરદારો પાછા આવ્યા પણ પોતાના ટોળાઓ નાહીંમત થઇ જશે એમ ધારીને તેઓએ આ વાત તેમને જાહેર નહી કરવાનો ઠરાવ કર્યો તેમ છતાં તેઓએ હ૦ મુસા અને હારૂનને બધી વાત કહી. છાવણીમાં પહોંચ્યા પછી દશ જણાએ જાહેર રીતે પોતે જે જોયું હતું તે કહયું અને બે જણા ચુપ રહયા. આથી એસરાઇલના છોકરાઓ ગભરાયા અને બોલ્યા કે આવા માણસોની સામે આપણે

કેમ લડી શકીએ ? આ ફકરાનો સંબંધ આની સાથે છે.

*　　　*　　　*

## સુરતુત તઉબા આયત ૩૬ મી.

"ખરેખર મહીનાની સંખ્યા ખુદા પાસે તેની લખેલી કીતાબમાં તે દીવસથીજ બાર છે કે જે દીવસે તેણે આકાશો અને પૃથ્વી પેદા કરી છે. તેમાંના ચાર હરામ છે. આ સત્ય ધરમ છે માટે તે મહીનામાં તમે પોતાની ઉપર ઝોલમ કરો નહી અને તમે સઘળા મોશરેકો સામે લડો જેવી રીતે કે તેઓ સઘળા તમારી સામે લડે છે અને જાણો કે ખરેખર ખુદા પરહીઝગારો સાથે છે."

(કુરાને શરીફ સુરતુત તઉબા આ. ૩૬,)

## ચાર હરામ માસ ઉપર પ્રોફેસર મી૦ ઇસ્ફહાનીનું ટીપણ.

"આ ઠેકાણે ખુદા મુસલમાની કાયદા જેવા કે રૂઝા રાખવા, હજ કરવી, ઝકાત આપવી વીગેરેનો વખત જાળવવાનું ચંદ્રના દેખાવની ગણત્રી ઉપર મુકરર કરે છે, પણ અરબ લોકોની પેઠે સુરયની ગતીની ગણત્રી ઉપર નહી, કે જેઓ યહુદી અને ખ્રીસ્તી પાસેથી પોતાના ચંદ્ર વરસને સુરય વરસમાં ઉતારી દેવા માટે ત્રીજે ત્રીજે વરસે એક અધીક માસ નાખવાનું

શીખ્યા હતા અને તેથી હજ અને રૂઝાના વખતમાં ફેરફાર થતો હતો ”

---

## ઉપરની આયતો ઉપરથી નીકળતો સાર.

હવે કીતાબ અહલહાદીના કર્તાની લીધેલ કુરાને શરીફની મજકુર સાબીતીઓ ઉપરથી શું સાર નીકળે છે તે તપાસીએ—

૧. સુરએ માઅદા આયત ૧૨ નો અરથ જોતાં તથા ટીપણુ તપાસતાં આપણને સાફ જણાય છે કે બાર ઈમામ હોવાનું તેમાંથી કોઇપણ રીતે સાબીત થઇ શકતું નથી. ઇમામનો સવાલજ તે જગોએ નથી. ઇસરાઇલ લોકોની વાતમાં બાર ઇમામની વાતનો મુદો કેમ સમાય ! અને તેથી તે કોઇપણ શખ્સની અકલમાં ઘર બેસે તેમ નથી અને તેથી ખરા પુરાવાની ગેરહાજરીમાં આવા ફોકટ ફાંફાં મારી બાર શબ્દ ઉપરથી પોતાના મુદા માટે સાબીતી લાવી ભોળાઓને અને અજ્ઞાનોને ભરમાવાનો આ રસ્તો અહલહાદી કીતાબના કરતા જેવા આલીમને બીલકુલ લાયક ન ગણાય ! !

૨. તેજ મુજબ આગળ આપેલ આયતોના ટુંક ટુકડાને બાર શબ્દ ઉપરથી પોતાના મુદા માટે ઠોકી બેસાડેલ છે. બાર બુરૂજ કે બાર અસબાત ઉપરથી

ઇમામની બારની ગણત્રી કરવી તે અહલહાદી કીતાબના કરતાની ખરા મુદ્દા હોવાની નબળાઇજ બતાવે છે અને તેવા મન ઘડીત મુદ્દા કોઇપણ અક્કલમંદ માણસના મગજમાં કદીપણ ઉતરી શકે તેમ નથી.

૩. સુરતુત તઉબા આયત ૩૬ માં તો અહલહાદી કીતાબના કરતાએ મુદ્દા મુદ્દીની ગેરહાજરીમાં અરથનો ઉલટો અરથ કરી પોતાનો કક્કો ખરો કરવાની વેતરણમાં તદ્દન ઢાચું જ કાપી નાખ્યું છે. મી૦ હાજી ગુલામઅલી નાજીલ અરથ તરીકે બાર માસને બાર ઇમામની ઉપમા આપી ચારને હુરમતવાળા જણાવે છે એટલે કે બાર ઇમામના નામોમાં ચાર નામો હુરમત વાળા છે. મી૦ હાજી ગુલામઅલી એક આલીમ તરીકે સંપુરણ રીતે જાણતા હોવા જોઇએ કે તેઓ તેઓના મુદ્દાઓનો પાયો તદ્દન રેતી ઉપર બાંધે છે, પણ જ્યાં ગાઠેજ ન હોય તો લાવેજ ક્યાંથી ! અને તેથીજ હુરોમનો અરથ જેમ પ્રો૦ મી૦ ઇસ્ફાનીએ પ્રગટ કરેલ કુરાનના તફસીરમાં અરથમાં હરામજ કરેલ છે, તેને મુદ્દા સારૂ લેવા માટે તેમણે અરથ બદલી હુરમતવાળા ઠોકી બેસાડેલ છે.

મજકુર આયતના પ્રો૦ મી૦ ઇસ્ફહાનીએ કરેલા અરથ પ્રમાણે હુરોમનો અરથ હરામ લેતાં મી૦ હાજી

ગુલામઅલીના વીચાર મુજબ બાર માસને બાર ઇમામ તરીકે ગણીએ તો, તે ચાર ઇમામમાં કયા ચાર હરામ ઇમામ છે, તે બતાવવા મી૦ હાજી ગુલામ અલી હાજી ઇસમાઇલ તકલીફ લઇ પોતે જે કાચું કાપી નાખ્યું છે, તેમાં કાંઇ સુધારો કરશે તો ઉપકાર થશે.

૪. મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલના કાપેલા અરથ મુજબ જો ઇમામની સંખ્યા બારની ગણીએ તે કદી સત્ય એટલા માટે નથી કે પાક કુરાને શરીફમાં હ૦ શોયબ નબી તથા હ૦ સાલેહ નબી માટે ફરમાવેલ છે કે—

"ઇન્નહો માલબે ઇમામી મોબીન."

એટલે—એ બંને ઇમામે મોબીન છે.

જેનો ઉતારો મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસ-માઇલે અલ્હાદી કીતાબમાં પા૦ ૨૭ મા લીધેલ છે, તેમજ હ૦ ઇબરાહીમ માટે પણ પાક કુરાને શરીફમાં ફરમાવેલ છે કે—

"ઇન્ની જાએલક લીન્નાસે ઇમામન."

એટલે કે—"ખરેખર મેં તને લોકો માટે ઇમામ બનાવેલ છે."

જેનો ઉતારો પણ અલ્હાદી બુકમાં તેના કરતાએ પાના ૮ માં લીધેલ છે, તો હવે એ મુજબ લંબાણ

તપાસ કરતાં ઇમામની સંખ્યા વધતીજ જાય છે તો પછી તે વધતી જતી સંખ્યા ખોટી ગણવી કે મી. હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલના કરેલા અરથ મુજબ બારની મુકરર સંખ્યા દર્શાવતી આયતો ખોટી ગણવી?

ટુંકમાં બાર ઇમામ હોવાનું પાક કુરાને શરીફમાં કોઇ ઠેકાણે લખેલું નથી એમ ઉપરની બાબતો તપાસતાં સાબીત થાય છે અને હજી પણ ઉપરની બાબતો સીવાય હોય તો તેઓ દરશાવે એમ અમો માંગણી કરીએ છીએ. કુરાને શરીફ જેવી ઇલહામી કીતાબ-માંની આયતોના ખોટી રીતે અરથના અનરથ કરી કે મારી ઠોકી અરથ કરવા મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ જેવા આલીમ માટે કેટલું નીચું જોવડાવ-નારૂં ગણી શકાય તેનો વાંચક વરગે તોલ કરવો.

## ઇમામ ગયબ હોવાનો મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલનો મુદ્દો.

હવે ઇમામ ગયબ હોવાનો અલ્હાદી કીતાબના કરતા પાક કુરાને શરીફનો કયો મુદ્દો ધરાવે છે કે જે ઉપરથી મી૦ અલીજાનને અલ્હાદી કીતાબ વાંચવાનું જણાવે છે, તે તપાસતાં નીચેની આયત આખી પુસ્ત-માંથી મલી આવે છે.

## અહ્લહાદી કીતાબમાંથી.

"જે વીશે કુરાને શરીફમાં પહેલા સીપારાની પહેલી આયતમાં ખુદા ફરમાવે છે—

બિસમિલ્લા હીર રહમાનીર રહીમ,
અલીફ, લામ, મીમ, ઝાલીકલ કીતાબુ,
લારયબા ફીહી હુદન લલ મુત્તકીન,
અલ્લઝીના, યુઅમીનુના બિલગયબી.

એટલે—આએ કીતાબ છે કે જેમાં જરાપણુ શક નથી અને તે એ પરહેજગારોને હીદાયત કરનાર છે કે જેઓ ગયબ ઉપર ઇમાન લાવે છે.

(અહ્લહાદી પા. ૧૫૦.)

### ઉપરની આયત માટે પ્રો૦ ઈસ્ફહાનીએ કરેલ ખુલાસો.

ઉપરની આયતમાં ગયબ ઉપર ઇમાન લાવવાનો અરથ પુસ્તક કરતા ઇમામના ગયબ હોવા માટે કરે છે, જ્યારે તેજ આયતનો તરજુમો પ્રો૦ મી૦ ઇસ્ફહાની નીચે મુજબ ખુલાસાવાર કરે છે.

"કૃપાળુ (અને) દયાળુ ખુદાના નામથી શરૂ કરૂં છું. અ. લ. મ. (૧) આ તે કીતાબ (કોરઆન) છે કે જેમાં કાંઈ શક નથી ને પરહેજગારોને રસ્તો દેખાડનાર

છે. (૨) કે જેઓ (ધરમની) અદ્રષ્ય* બાબતોમાં ઇમાન લાવે છે.

*ગયબ અદ્રશ્યના ટીપણુમાં મી૦ ઇરફાની લખે છે કે,

ગયબનો અરથ અદ્રષ્ય થાય છે, જેમકે ખુદા, ફરેસ્તાઓ, કયામતનો દીવસ, બહેસ્ત, દુઝખ વગેરે કે જે જોવામાં આવતાં નથી. તેથી આ વાકયનો અરથ એ કે ખરા મોમનો તેઓજ છે કે જેઓ તેમાં ઇમાન લાવે છે.

## અમારો ખુલાસો.

મી૦ ઇરફાનીએ કરેલ ટીપણુના ખુલાસા ઉપરથી સાફ જણાય છે કે ગયબ શબ્દ ઇમામત માટે વપરાયેલો નથી. કદાચ ઘડીભર મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલના કહેવા મુજબ કબુલ કરી લઇએ તો, જયારે આ આયત નાઝીલ થઇ તે જમાનાના લોકો ઇમામ ગયબ ન માનતા હોય તો તે મોમીનો નથી, તેથી તે વખતના જાહેર ઈમામ હ૦ મઉલા મુરતઝાઅલી વીગેરે ઇમામો નજ ગણાય અને તેઓ ઉપર ઈમાન લાવનાર ( કારણકે તેઓ ગયબ નહી હતા ) મોમીનો નહી હતા ! આ ઉપરથી સાબીત થાય છે કે મજકુર આયતકદી પણ ઇમામતની ગાયબતા સાબીત કરતી નથી.

અલ્હાદી કીતાબના કર્તાએ એ કીતાબ પાના ૪૧૪ માં લખી છે જેમાં બાર ઈમામ અને ગયબ ઇમામત વીશે ઉપરનીજ આયતો આખી બુકમાં રજુ કરી છે, જે બીલકુલ મનઘડીત અને તાણી તોડી ઠોકી બેસાડેલ છે એમ ઉપર મુજબ સાબીત થઇ ચુકે છે. એજ કીતાબમાં લખેલું છે કે—

"પાક કુરાને શરીફમાં ખુદાવંદતઆલાએ કેટલેક ઠેકાણે ફરમાવેલ છે કે-

**"વલા રત્બીન વલાયાબેસિન ઇલ્લા ફી કીતાબીમ મોબીન."**

એટલે કે—દરેક ચીજ લીલી હોય કે સુકી, મતલબકે તમામ બાબત જાહેર કીતાબ (કુરઆન) માં છે. |

(અલ્હાદી પા. ૨૯—૩૦)

કોઇપણ એવી લીલી કે સુકી ચીજ નથી કે જે આ પાક કીતાબ (કુરઆન) માં ન બતાવવામાં આવી હોય, ત્યારે ઇમામત જેવી બાબત કુરાને શરીફમાં ન હોય એ કદી બનવા યોગ્ય નથી. મી૰ હાજી ગુલામ-અલી હાજી ઇસમાઇલ કુરાને શરીફની આયતોનો જાહેરી અરથ નહી લેતાં તાવીલ અરથ લેવાનું જણાવે છે કે જે તેમનો કરેલો અરથ કદીપણ કોઇપણ અકલમંદ માણસની અકલમાં ઉતરે એમ નથી છતાં

તેઓ પોતાનો કરેલો અરથ તાવીલ અરથ સત્યજ છે એમ કહી કહી નહીંજ શકે કારણકે—

સુરએ આલે ઇમરાનની ૭ મી આયતમાં ફરમાવેલ છે કે—

"વમા યઅલમો તાઅવીલહુ ઇલલ્લાહો વરાસેખુન ફીલઇલ્મે."

એટલે—તેના ગુહ્ય ભેદવાળા કલામની તાવીલ કોઇ જાણતુ નથી પણ અલ્લાહ તથા એ બુઝુરગો કે જેઓ ઇલમમાં સંપુરણ પ્રવીણ અને કામીલ છે.

(અલહાદી પા. ૫૩.)

તે બુઝરગો નબી અથવા ઇમામો છે, તો હાજર ઇમામ વગર કુરાને શરીફની આયતોની તાવીલ સમજવાને કોઇની વાકત નથી, એમ ઉપરની આયતથી સાબીત થાય છે જ.ને તેથી મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ પોતે કરેલ અરથ ખરો છે એમ કદીપણ કહી શકશે નહી ત્યારે મનઘડત અરથો કરવામાં તેમના જેવા આલીમ માટે કેટલું જોખમભરયું છે, તે જણાવવા અમો તે આયતનો ઉપલો તથા નીચલો ભાગ સંપુરણ અરથ સાથે નીચે આપીએ છીએ.

"ખુદા તેજ છે કે જેણે તારી ઉપર કુરાન મોકલ્યું છે કે જેમાં કેટલીક આયાત મોહકમ (સ્પશ્ટ)

છે. તે આયાત તે કીતાબની માતા (મુળ) છે, અને બીજી કેટલીક મોતશાબેહાત (બહુ અરથી) છે, પણ જેઓના અંતઃકરણમા અવળાઈ છે, તેઓ (તે કીતાબમાં) જે મોતશાબેહ છે તે પ્રમાણે ચાલે છે, તે ફેત્ના (કાફેરપણા ) ની ઇચ્છા અને પોતાની ઇચ્છા પ્રમાણે અરથ કરવાના હેતુથી છે, પણ તેનો અરથ ખુદા સીવાય બીજો કોઈ જાણુતો નથી."

(સુરે આલે ઈમરાન આયત ૭ મી.)

ઉપરની આયત સાફ સુચવે છે કે "જેઓનાં અંતઃકરણમાં અવળાઈ છે અને જેઓને ફીત્નો (કાફરપણું) કરવાની ઇચ્છા છે તેઓજ મોતશાબેહાત (બહુ અરથી) આયતો પ્રમાણે ચાલે છે અને પોતાની મરજી મુજબ અરથ કરે છે."

ત્યારે મી० હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલ પોતાની વાતને ટેકા આપવા સ્પષ્ટ આયતોની ગેરહાજરીમાં મોતશાબેહાત ( બહુ અરથો ) આયતો પ્રમાણે ચાલી પોતાના મનઘડીત અરથ મારી ઠોકી બેસાડે છે તેને માટે શું ધારવું ? તે વાંચક વરગે વીચાર કરી લેવો,

ટુંકમાં મી० અલીજાનની માંગણીનો જવાબ આપવાની અશકતીને લીધે 'અમો વાદમાં ઉતરવા નથી માંગતા' કહેવું એ, અને અલહાદી કીતાબમાં જણા

વેલ તેઓના મુદ્દાની આયતોની અમોએ કરેલ ચોખવટ બાદ મી૦ હાજી ગુલામઅલી પાસે **બાર ઈમામની** માન્યતા અને ગયબની માન્યતાના મુદ્દા **પાક કુરાને શરીફ**થી નથી એમ સાફ સાફ સાબીત થાય છે.

મી૦ **અલી જાને કુરાને શરીફથી** સાબીતી માંગેલી હોવાથી હદીસો માટે કાંઇ બોલવાનું રહેતું નથી અને તે બાબતમાં મી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાઇલ કબુલ કરે છે કે હદીસોનું ઠેકાણું નથી, જેમકે તેઓ તેજ કીતાબમાં પાને ૨૨૮ લીટી ૮ થી ૧૧ માં લખે છે કે "અને એ સાબીત કરવાની જરૂરત નથી કેમકે રીવાયત કરનારાઓ અને રીવાયતો તથા હદીસોમાં થએલા ફેરફાર અને સુધારા વધારાનો જે હાલ છે તે મશહુર છે."

એ ઉપરથી રાવીયોની રીવાયતો અને કુરાને **શરીફની આયતો સાથે નહી સબંધ રાખતી** હદીસો ઉપર ઇમામત જેવી બાબતનો મદાર બાંધવો એ ફકત રેતી ઊપર હવેલી ચણવા બરાબર છે.

# પ્રકરણ ૮ મું.

## ઇમામે મુબીન.

જ્યારે ઇમામની ગયબની માન્યતાની સ્પષ્ટ આયતો પાક કુરાને શરીફમાં નથી તો, જાહેર ઇમામ માટે તેવી આયત છે કે કેમ ? તે શોધવાનું સાધારણ રીતે મન થાય છે અને તેથી તેવી નીચેની આયત તેના પાકા પુરાવા દાખલ મશહુર છે અને જે અહેવાદી પુસ્તકના કરતાએ તેજ કીતાબમાં પાને ૨૬ માં દાખલ કરેલ છે.

“વ કુલ્લ શયઇન અહસયનાહો ફી ઇમામી મોબીન.”

### શબ્દારથ.

વ – અને
અહસયનાહો – અમોએ રાખી છે,
કુલ્લ – સઘળી
ફી – માં, અંદર, પાસે.
શયઇન – ચીજો.
ઇમામો – ઇમામ.
મોબીન – જાહેર.

એટલે કે—દરેક ચીજ (ઇલ્મ વગેરે) નો અહેવાલ જાહેર ઇમામ પાસે છે.

મોબીન શબ્દ ગયબથી ઉલ્ટો છે, વળી ઈમામે મોબીન (જાહેર ઇમામ) સાફ સાફ બતાવી આપે છે કે ઇમામ કદી ગયબ હોયજ નહી અને ગયબ ઇમામ હોય તેની પાસે તમામ ચીજ ઇલ્મ વીગેરેનો અહેવાલ નથી.

કેટલાએક લોકો આ જગોએ ઈમામનો અરથ કુરઆન કે લવહે મહફુઝ કરે છે પણ તે માટે મી૰ હાજી ગુલામઅલી પોતેજ ખુલાસો કરતાં કહે છે કે—

"અને જેઓ આ જગાએ ઈમામે મોબીનનો અરથ 'લવહે મહફુઝ' નીરમાણુ થયેલ ચીજો લખેલી તખ્તીનો ઇનકાર કરે છે અને કહે છે કે તમામ ચીજો તેમાં લખાયેલી છે તો, લવહે મહફુઝ માટે ઇમામ શબ્દ કુરઆનમાં કોઇ જગોએ આવેલ નથી અને તે બંધબેસ્તો પણ નથી અને પયગમ્બર તથા ઇમામ માટે એ શબ્દ ખુદાએ કુરાનમાં હ૰ શોઅયબ નબી તથા હ૰ સાલેહ નબી માટે વાપરેલ છે જેમકે ફરમાવેલ છે કે "ઈન હોમા લબે ઈમામી મોબીન" એટલે એ બંને ઇમામે મોબીન છે."

(અહદાદી પા૰ ૨૭)

ઉપરનો ફકરો એટલું ક્યાલ કરાવવાને બસ છે કે

ખુદાવંદતઆલાએ જે જગોએ ઇમામ શબ્દની જરૂર પડી ત્યાં ઇમામ ચોખે ચોખું ફરમાવ્યું છે અને તે માટે બીજો શબ્દ વાપરેલ નથી ત્યારે નકીબા કે અસબતન, બોરૂજ વગેરે શબ્દો ઇમામની જગોએ ઠોકી બેસાડવામાં કેટલું જોખમ સમાયલું છે તે સુરે આલે ઇમરાન આયત ૭ મી વાંચવાથી જણાશે.

## જાહેર ઈમામની જરૂરત.

**જાહેર ઈમામ**ની પીછાણની કેટલી જરૂર છે તે નીચેની આયતો, હદીસો અને દાખલાથી જણાશે કે જે **મી૦ હાજી ગુલામઅલી હાજી ઈસમાઇલે** તેજ કીતાબમાં રજુ કરેલ છે.

"**ઈકમાલુદ્દીન**માં લખ્યું છે કે અબાન બીન તગલબે હઝરતે ઇમામ અબી અબદીલ્લાહ અ૦ ને પુછ્યું કે 'જો કોઇ માણસ સરવે અઇમ્મએ અતહારને તફસીલવાર પીછાણે પરંતુ પોતાના ઝમાનાના ઇમામને ન ઓળખે તો શું તે મોઅમીન છે?' ફરમાવ્યું 'નહી' પુછ્યું કે 'શું તે મુસલમાન છે?' ફરમાવ્યું 'હા' "

(અઇહાદી પા૦ ૪—૫)

*    *    *

"ઈન્ની તારેકુન ફિકોમુસ્સકલઈન આહ્દોહોમાં અકબરો મેનલ્આખર. કીતાબુલ્લાહે વઅત્રતી, ઈન્તમસ્સકતુમ બેહેમા, લન્તઝિલ્લુબઅદી, ફઈન્નહોમા 'લંયય ફતરેકા અલલ્હુઝ.'

એનો ખુલાસો એ કે—"હું તમારામાં મારી પાછળ એવા માનવંતી જલીલુલકદર, અઝીમુશ્શાન બુઝુરગ અને ભારે બે ચીજ મુકી જાઉં છું કે તે એકબીજીથી વધારે મરતબો ધરાવે છે, કે તેમાંની એક તો અલ્લાહની કીતાબ (કુરઆને શરીફ) છે અને બીજી મારી "અહલે બયત" છે અગર તમો એ બંનેને વળગી રહેશો અને તેઓની તાબેદારી કરશો તો મારી પાછળ તમો હરગીઝ ગુમરાહ થશો નહી અને એ બંને ચીજ આપસથી જુદી નહી થાય એટલે સુધી કે કયામતમાં "કવસરના" હોઉઝ સુધી સાથેજ આવશે."

(અલ્હાદી પા૦ ૩૪.)

*   *   *

"સુરએ નેશાની ૫૯ મી આયતમાં ખુદાએતઆલાએ કુરાનેશરીફમાં ફરમાવ્યું છે કે—

યા અય્યો હલ્લઝીના આમનુ અતી ઉલ્લાહ અતી ઉર રસુલ વ ઓલીલ અમરે મીનકુમ.

એટલે—અય ઈમાનવાળાઓ તાબેદારી કરો અલ્હા-

હની અને તાબેદારી કરો રસુલની અને ઓલીલ અમ્ર એટલે હુકમવાળાઓની.

(અહ્હાદી પા૦ ૪૬.)

❋ ❋ ❋

"સુરએ આલ ઇમરાનની નવમી આયતમા ફરમાવે છે કે—

**વ મા યઅલમો તાઅવીલહુ ઇલ્લલ્લાહો વર્રાસેખુન ફિલ્ઇલ્મ.**

એટલે—તેના ગુહ્ય ભેદવાળા કલામની તાવીલ કોઇ જાણતું નથી પણ અલ્લાહ તથા એ બુઝુર્ગો કે જેઓ ઇલ્મમા સપુરણ પ્રવીણ અને કામીલ છે."

(અહ્હાદી પા. ૫૩)

* * *

ખુદાએ ફરમાવ્યું છે કે—

**વઆતુલ્બોયુત મીન્અબ્વા બેહા.**

એટલે—ઘરોમાં તેના દરવાજાઓમાંથી આવો.

ખુલાસો એ કે જેમ જ્યાંસુધી દરવાજાઓમાંથી દાખલ ન થાય ત્યાંસુધી ગામ કે ઘરમાં દાખલ થવાતું નથી."

(અહ્હાદી પા. ૫૪.)

તે દરવાજો હાજર અને જાહેર ઇમામ છે અને તેજ ઇલ્મના દરવાજા છે. જેમકે હ૦ મહમદ મુસ્તફા (સ૦) એ ફરમાવ્યું કે—

અના મદીન તુલ ઇલ્મ વ અલીયુન બાબોહા,
ફ મન અરાદલઇલ્મ ફલ્યા અતીલબાબ.

અર્થ—હું એલમનું શહેર છું અને અલી તે શહેરના દરવાજો છે, તો જે કોઇ ઇલ્મ મેળવવાનો ઇરાદો કરે તેને જોઇએ કે શહેરના દરવાજામાંથી આવે.

તેથી જ્યાં સુધી દરવાજામાંથી દાખલ થયા વગર શહેરમાં દાખલ થઇ શકાતું નથી તેમ હાજર અને જાહેર ઇમામની પહેછાણ વગર ઇલ્મ હાંસલ થઇ શકતું નથી અને જેમ દરવાજામાંથી નહી દાખલ થનાર ચોર કે બહારવટીયો ગણાય છે તેમ જાહેર અને હાજર ઇમામ વગર ઇલ્મ મેળવનાર તેવો ગણાય છે.

હાજર અને જાહેર ઇમામની શનાખત માટે સેંકડો હદીસો અને પુરાવા છે અને તેથી અત્યારે લંબાણ થવાના સબબથી ઉપરનાજ દાખલા આપેલા છે કે જે મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલે પોતાની બુક અહલહાદીમાં દરજ કરેલા છે.

જ્યારે સાબીત થયું કે હાજર અને જાહેર ઇમામની જગતમાં જરૂર છે અને દરેક મોમીનોની ફરજ છે કે તેને ઓળખી તેની તાબેદારી કરવી અને ગયબ ઇમામતની કોઇ સાબીતી કુરાને શરીફમાં નથી એમ પણ સાબીત થયું તો, દાના અને સમજુ શખસની

ફરજ છે કે કીતાબો, રાવીઓ અને કીસ્સા કહાણીઓ ઊપર બેસી રહી પોતાની આકબત ખરાબ નહી કરતાં કીતાબે અલ્લાહની મુજબ ચાલી સત્ય શોધ કરી હાજર અને જાહેર ઇમામની શનાખત રાખી તે પાક જાતને શરણે જાય અને જાહેલીયતના મોતે મરતાં બચે.

વ ઝાલકે ફઝલુલ્લાહે યો અતીહે મંચશાઓ.

અલ્લાહ તઆલાનો ફઝલ છે, તે જેને ચાહે તેને આપે છે.

ફઝલ એટલે સમજણ કે હીદાયત ખુદાવંદતાલા જેને ચાહે તેને આપે છે માટે ખુદાને પ્રીય થઇ પડવા માટે તેના હુકમો વીરૂધ્ધ નહી વરતતાં તે પાક જાત જેમ રાજી થાય તેમ વરતવું જોઇએ અને તોજ તે બારીતાલા પોતાની ફઝલ વરસાવશે, કારણ જે એક ઠેકાણે લખેલું છે જે—

"કોઇપણ મનુસ્ય પર ઇશ્વર કૃપા કે અનુકૃપાની નીશાની, તે મનુષ્યને સુબુદ્ધી કે કુબુધ્ધી મળવા ઊપરથી સમજાય છે."

ખુદાવંદતઆલા તેવી ફઝલ સરવને આપે એવી દુઆ સાથે આ નાનું પુસ્તક સમાપ્ત કરીએ છીએ. આમીન !

# સાંકળિયું.


પાનું.

૧—પ્રકરણ ૧ લુ. તારીખ ૪ થી રબીઉલ આખર ૧
વહોરા ચરચા મી૦ મુન્તઝીરનો લેખ.

૨—પ્રકરણ ૨ જું. વહોરા ચરચા.
મી૦ એ દીદારીનું લખાણ ... ....૪

૩—પ્રકરણ ૩ જું. શું ઇમામ ગયબ નથી ? ૧૦
મી૦ ઇશનાઅશરીનો લેખ.

૪—પ્રકરણ ૪ થું. ઇમામ હાજર કે ગયબ ?
મી૦ હસનઅલીનો સુધારો.... ...૧૪

૫—પ્રકરણ ૫ મું. ધી ઇમામી મુબીન.
રાહે નજાતના અધીપતીને જવાબ ...૧૬

૬—પ્રકરણ ૬ ઠું. મી૦ અલીજાનને જવાબ,
મી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમા-
ઇલની ચુપકીદી ... ...૨૩

૭—પ્રકરણ ૭ મું. મી૦ અલીજાન અને હાજી
ગુલામઅલી હાજી ઇસમાઇલના લખાણોમાંથી
સત્ય શોધ ... .... ...૨૭

૮—પ્રકરણ ૮ મું. ઇમામે મુબીન ... ...૪૬


---


આ બુક મેનેજર વલીભાઇ નાનજીએ ધી ખોજા સીન્ધી પ્રેસ, ૧૧૩, પાલખી મહોલા, મુંબઇ, નં૦ ૯ માં છાપી.

## આપણી કોમનાં વાજીંત્રો.

# ઇસમાઇલી સતપંથ-પ્રકાશ

વારસીક લવાજમ રૂા. રાા દેશાવર માટે રૂા. ૩
પોસ્ટેજ સાથે આ માસિક-દરચંદ્રે રેગ્યુલ
બહાર પડે છે. ઠે૦ ખોજા સિંધી પ્રેસ
૧૧૩, પાલખી મહોલા મુંબઇ ૯

# ઇસમાઇલી આફતાબ.

વારસિક લવાજમ રૂા. ૧) દેશાવર માટે રૂા. ૧ા
પોસ્ટેજ સાથે. આ સચિત્ર ત્રીમાસિક દર
ત્રણ માસે રેગ્યુલર બહાર પડે છે.

ઠે૦ એન. એમ. બુધવાણી.
ધોરાજી ( કાઠિયાવાડ

# ખોજા સૌંદર્ય.

વારસિક લવાજમ રૂા. ૩) દેશાવર માટે રૂા. ૩
પોસ્ટેજ સાથે. આ સચિત્ર માસિક ઇંગ્રે
માસની દર ૧ લી તારીખે રેગ્યુલર બહાર પડે છે

ઠે૦ મેનેજર ખોજા સૌંદર્ય.
જે. જે. હોસ્પીટલ સામે, મુંબઇ નં. ૯